# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-02-2026 Day: Tuesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## અમેરિકાએ ટેરિફમાં ઘટાડો કર્યો

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, હવે મેઇડ ઇન ઇન્ડિયા ઉત્પાદનો પર અમેરિકાનું ટેરિફ ઘટીને 18 ટકા થઇ જશે. તેમણે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની વાતચીત બાદ સોશિયલ મીડિયામાં આ જાહેરાત કરી તેમણે કહ્યું કે, તેમની તેમના મિત્ર રાષ્ટ્રપતિ ટ્રમ્પ સથેની વાતચીત અત્યંત સુખદ રહી. તેમણે કહ્યું કે, જ્યારે વિશ્વની બે મોટી અર્થ વ્યવસ્થાઓ અને બે મોટા લોકતંત્ર સાથે મળીને કામ કરે તો તેનાથી જનતાને લાભ થાય છે અને આપસી લાભની અપાર શક્યતાઓ ઊભી થાય છે. પ્રધાનમંત્રીએ આ જાહેરાત માટે દેશની 140 કરોડ જનતા તરફથી રાષ્ટ્રપતિ ટ્રમ્પ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.**

-----------------------------------------------------------------------------------

## લોકસભામાં ગઇકાલે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ

લોકસભામાં ગઇકાલે સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના ભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા શરૂ થઈ. ચર્ચા માટે કુલ 18 કલાકનો સમય ફાળવવામાં આવ્યો છે. ગૃહમાં આભાર પ્રસ્તાવ રજૂ કરતા કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે રાષ્ટ્રપતિ મુર્મુના ભાષણને નોંધપાત્ર  ગણાવતા કહ્યું કે આ ભાષણ દેશના ભવિષ્ય માટે પ્રેરણાદાયી દ્રષ્ટિકોણ રજૂ કરે છે.

-----------------------------------------------------------------------------------

## ‘માય ભારત બજેટ ક્વેસ્ટ 2026’

વિકસિત ભારત યુવા નેતા સંવાદની સફળતા બાદ,યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ ગઇકાલે "માય ભારત  બજેટ ક્વેસ્ટ 2026" લોન્ચ કર્યું. આજથી શરૂ થતી આ દેશવ્યાપી યુવા-કેન્દ્રિત પહેલનો ઉદ્દેશ્ય દેશના યુવાનોને કેન્દ્રીય બજેટની વધુ સારી સમજ પૂરી પાડવાનો છે.પહેલ શરૂ કરતા મંત્રીએ કહ્યું કે માય ભારત બજેટ ક્વેસ્ટ સાથે, સરકાર યુવા અવાજોને સશક્ત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

---------------------------------------------------------------------------------------

## વિજ્ઞાન અને ટેકનોલોજીમંત્રી અર્જુન મોઢવાડિયા ગિફ્ટસિટી- કાર્ય શિબિર

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું, ઇન્ક્યુબેટર્સ એટલે કે સમતાપ પેટીથી લઈને સેમિકન્ડક્ટર અને ઉપગ્રહ ઉત્પાદન સુધી રાજ્યના યુવાનો માત્ર આઈડિયા નહીં, પરંતુ સમગ્ર માળખું બનાવી રહ્યા છે. ગઇકાલે ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે 'સ્ટ્રેટેજિક IP મેનેજમેન્ટ ફોર ઇનોવેશન: પેટન્ટ એનાલિટિક્સ અને ફ્રીડમ ટુ ઓપરેટ-FTO' વિષય પર યોજાયેલી કાર્યશિબિરમાં

શ્રી મોઢવાડીયાએ જણાવ્યું, અગાઉ ઈનોવેશન અને સ્ટાર્ટઅપ માત્ર લેબમાં થતા હતા, જ્યારે અત્યારે રાજ્ય સરકારના પ્રયાસો અને યુવાઓની મહેનતથી ગુજરાત સ્ટાર્ટઅપ ક્ષેત્રે દેશમાં પ્રથમ ક્રમે છે.

---------------------------------------------------------------------------------------

## અબડાસાના બારા પાસે ઔદ્યોગિક વસાહત સ્થાપવા જમીન ફાળવાઇ

અબડાસાનાં અંતરિયાળ એવાં બારા ગામ પાસે ઔદ્યોગિક વસાહત સ્થાપવાની તૈયારીઓ અંતર્ગત સરકારે 382 હેક્ટર જમીનનો વિસ્તાર ફાળવ્યો છે. અબડાસાના હેરિટેજ વિલેજ તેરા નજીક આવેલા બારા ગામ પાસે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા જી.આઇ.ડી.સી.

બનાવવાના હેતુથી આ નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત રાતાતળાવ અને અંજાર તાલુકાના સાપેડા પાસે પણ જી.આઇ.ડી.સી. માટે જમીન ફાળવાઇ છે.

-----------------------------------------------------------------------------------

## 102 જ્ઞાન સહાયકો એ સ્થળ પસંદગી કરી

જિલ્લામાં શિક્ષણ તંત્ર દ્વારા હાથ ધરાયેલી કામગીરીમાં 102 જ્ઞાન સહાયને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા સ્થળ પસંદગી કરાઈ હતી. જ્ઞાન સહાયક ભરતી ધોરણ 1 થી 5 માટે ડાયટ ખાતે શિક્ષકોને સ્થળ પસંદગીની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ભરતી માટે કુલ 370 ઉમેદવારની યાદી ગાંધીનગરથી કક્ષાએથી આવી હતી જેમાંથી 124 ઉમેદવાર હાજર રહ્યા હતા, તે પૈકી 22 ઉમેદવારે સ્થળ પસંદ કર્યું નહોતું જ્યારે 102 ઉમેદવારે સ્થળ પસંદગી કરી હતી.

-----------------------------------------------------------------------------------

## કચ્છી ભાષા માટેનો સ્વ.દુલેરાય પારિતોષિક પબુગઢવીને

કચ્છી ભાષા માટેનો પ્રતિષ્ઠિત સ્વ. દુલેરાય કારાણી પારિતોષિક આ વર્ષે જાણીતા કચ્છી ભાષા સર્જક પબુભાઈ કરસન ગઢવી `પુષ્પ'ને એનાયત કરવાનું પસંદગી સમિતિએ જાહેર કર્યું છે. આ સન્માન વર્ષ ૨૦૨૨માં જયંતી જોષી `શબાબ', વર્ષ ૨૦૨૩માં મદનકુમાર અંજારિયા `ખ્વાબ', વર્ષ ૨૦૨4માં પદ્મશ્રી નારાયણ જોષી `કારાયલ' અને ૨૦૨૫માં ગૌતમ એસ. જોષીને એનાયત થયા બાદ હવે વર્ષ ૨૦૨6માં `પુષ્પ'ને અર્પણ કરાશે.

-----------------------------------------------------------------------------------

## ભાવક મૂલ્યાંકન

જીવન ઉત્કર્ષ માટે વાચનનાં મહત્ત્વને ઉજાગર કરતા કચ્છની વિવિધ કોલેજમાં યોજાતા ભાવક મૂલ્યાંકન કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ માટે  દર વર્ષે યોજાતો એક દિવસીય સેમિનાર આ વર્ષે 8 ફેબ્રુઆરી રવિવારે ભુજ નજીક સૂર્યા વરસાણી એકેડેમીના પરિસરમાં યોજાશે.

-----------------------------------------------------------------------------------